પુસ્તકપ્રેમીઓએ ઉમળકાથી પુસ્તક પરબની મુલાકાત લીધી

શહેરના ૧૫૦થી વધુ વાંચકોએ મુલાકાત લઇ મનગમતાં પુસ્તકો મેળવ્યાં

ગાંધીનગર, તા.૦૩

ગાંધીનગરમાં છેલ્લાં નવ વર્ષ ઉપરાંતથી દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જુલાઈ માસની પુસ્તક પરબમાં ખૂબ મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમી વડીલો, બહેનો, વિદ્યાર્થીઓ, યુવાઓ ઉમટ્યા હતા. મુલાકાતી ભાવકોએ પોતાની પસંદગીના પુસ્તકો અને સામયિકો ભેટમાં મેળવ્યાં હતાં. આ પુસ્તક પરબ દરમ્યાન ૧૮૦ પુસ્તકો અને ૭૨ સામયિકો મળી કુલ ૨૫૨ ની જાવક થઈ હતી,જ્યારે ૮૭ પુસ્તકો અને ૧૯ સામયિકો મળી કુલ ૧૦૬ ની આવક થઈ હતી. અંદાજે ૧૫૦ થી વધુ મુલાકાતીઓએ લાભ લીધો હતો. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં આ પરબ ચલાવવામાં આવે છે. પુસ્તક પરબ આયોજનમાં રણછોડભાઈ પરમાર, ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રજ્ઞાબેન પટેલ, અશોકભાઈ ત્રિવેદી, અજય ઉપાધ્યાય, સમીરભાઈ શાહ, સમીરભાઈ રામી, તાહિરભાઈ, ઈશ્વરભાઈ, જે.કે.પ્રજાપતિ , વિષ્ણુભાઈ ચાવડા, એન.પી. થાનકી વગેરે જોડાયા હતા. દિલીપભાઈ ચૌહાણ તરફથી પરબને બે પ્લાસ્ટિક ફોલ્ડિંગ ટેબલ ભેટમાં મળવાથી પુસ્તકો ગોઠવવા - મૂકવામાં સારી સુવિધા અને વડીલોને પુસ્તકો જોવામાં સુવિધા રહી હતી.

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર મોટી શિહોલી ખાતે **'Splash pool Party'**નું ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના બાળકોને સ્કુલમાં જ બનાવેલા નાના હોજમાં ડાન્સ અને મસ્તીનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં બાળકોએ ખુબ જ મસ્તી અને સરસ ડાન્સ કર્યો હતો.

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ દ્વારા ફાર્મસીના ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૩

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ ના વિદ્યાર્થી ઓ માટે કોલેજ ખાતે ફાઈનલ યર ડી. ફાર્મ, બી.ફાર્મ, એમ. ફાર્મ અને ફાર્મ ડીના વિદ્યાર્થીઓ માટે કોલેજ કેમ્પસ પ્લેસમેન્ટનું ભવ્ય પાયા પર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોઈ એક ફાર્મસી કોલેજમાં પ્રથમ વાર ૨૦ કંપનીઓ એ ભાગ લીધો હતો. આ મેગા ફાર્મસી પ્લેસમેન્ટ ફેર ૨૦૨૩ની કોલેજ કેમ્પસ પ્લેસમેન્ટને વાયડીપીએ દ્વારા સ્પોન્સોર કરવામાં આવી હતી.

ગુજરાત ની ૩૭ કોલેજ તથા ગુજરાત બહાર ની ૨૦ કોલેજ, એમ કુલ ૫૭ કોલેજના ૩૭પથી વધારે વિદ્યાર્થીઓ એ આ કેમ્પસ પ્લેસમેન્ટ નો લાભ લીધો હતો. જેમાં **F&D, ADL, GPM, RA, ADL, QC, QA,** મેડિકલ કોડિંગ, પ્રોડ્કશન, ક્લીનીકલ ફાર્મસી, આઈપી ફાર્મસી, ડીપી ફાર્મસી, બાયો અનાલીટીકલ લેબ રિપોર્ટ રાઈટર, ટ્રેનર, ફાર્માસિસ્ટ ફોર રિટેઈલ ચેઇન, એન્ટ્રેપ્રેનેરશીપ, સ્ટાર્ટ અપ ઓફ બિઝનેસ, માર્કેટિંગ, પેકેજિન્ગ જેવા વિવિધ ડીપાર્ટમેન્ટ માં ૪૬૩ ખાલી જગ્યા ની ભરતી માટે વિદ્યાર્થીઓ એ ઈન્ટરવ્યૂ આપ્યા હતા જેમાંથી ૨૮૯ વિદ્યાર્થીઓ ને ઈન્ટરવ્યૂ ના બીજા રાઉન્ડ માટે શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યા હતા.

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં મહેંદી સ્પર્ધા આયોજન



નિરુબેન.જે પટેલ ના નૈતૃત્વ માં

પ્રવિણાબેન એમ પટેલ કર્યું હતું.

ગાંધીનગર, તા.૩

એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા.૩૦/૬/૨૩ ના રોજ ગૌરી વ્રત ના પવિત્ર તહેવાર નિમિતે ધોરણ ૬ થી૮ ની વિદ્યાર્થીની બહેનો માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીની બહેનો એ ભાગ લઈ પોતાનું કૌશલ બતાવ્યુ હતું જેમાં ધોરણ- ૮૦ માં ફકીર અજીલા ઈરફાનભાઈ ધોરણ- ૭ માં પરમાર નવ્યા મહેન્દ્રભાઈ ધોરણ-૬ઝમાં ઠાકોર વિશ્વા વાસુભાઈ ધોરણ-૮ઝમાં પટેલ યસ્વી સુનિલભાઈ ધોરણ-૮છ ચાવડા રિયાબા વનરાજસિંહ વગેરે બહેનો વિજેતા બની હતી. સ્પર્ધાનુ આયોજન શાળાના આચાર્યા બહેન

ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગરની કલાપ્રેમી વાણી નીરવ શાહ ધોરણ ૧૧ સ્કૂલ ઓફ અચીવર્સ કુડાસણ માં અભ્યાસ કરી રહી છે.

જેણે છ વર્ષની નાની ઉમરથી અભ્યાસ સાથે ભરતનાટ્યમની આરાધના સંગીત, તાલ, રિધમ અને નૃત્ય સાથે મંજિલ શરૂ કરી હતી સોળ વર્ષ જયારે પૂર્ણતા ના આરે પહોંચી ત્યારે ગુરુ નિરાબેન શાહના સાનિધ્યમાં આરાધના કરી રહી છે. છેલ્લા ત્રણ મહિના નિયમિત ત્રણ કલાકની સખત પ્રેકટીસ બાદ તારીખ ૨ જુલાઈ ના રોજ ટાગોર હોલમાં ગુરુ નિરાબેન ની આજ્ઞાથી આરંગેત્રમ નો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ માં મુખ્ય અતિથિ જોરાવરસિંહ જાદવ, ડૉ. સ્વાતિ બેન દર્થકર (પુના), પ્રકાશભાઈ લાલા, ભાવિનભાઈ પટેલ, મયંકભાઈ દવે, નીતીનકુમાર રોહિલા તથા સ્નેહીજનો હાજર રહી કાર્યક્રમને શોભાયમન કર્યો હતો

સમસ્ત બ્રહ્મસમાજ કુડાસણ શાખાનો વિદ્યાર્થી સન્માન અને સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૦૩

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર(બ્રહ્મભવન સેક્ટર.૧૬)ની કુડાસણ શાખા દ્વારા તા.૧૬/૭/૨૦૨૩ રવિવાર સવારે ૯થી ૧૨ તુલસી ફાર્મ કુડાસણ ખાતે વિદ્યાર્થી સન્માન અને સ્નેહમિલન સમારોહ યોજાશે.

આ માટે ફક્ત કુડાસણ વિસ્તારમાં રહેતા ભૂદેવોએ વિદ્યાર્થી સન્માનના ફોર્મ ભરવા અને ભોજન પાસ મેળવવા રોયલ મોટર ડ્રાઈવીંગ સ્કૂલ, શ્યામશૃષ્ટિ કોમ્પલેક્શ, સરદાર ચોક કુડાસણ ખાતે/અથવા મો. નં. ૯૮૨૫૩૨૪૯૮૦ પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

પેથાપુર ચોકડી પાસે મહાલક્ષ્મી ૨ સોસાયટી ખાતે ગૌરી વ્રત ની પુજા કરવામાં આવી હતી.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સે - ૬ ની સેવા વસ્તીમાં "ન્યુટ્રીશન ખીચડી" નું વિતરણ

ગાંધીનગર, તા.૩

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીનાના સેવાભાવી પ્રમુખ ચંદાબેન યાદવ, જીએસટી મમતાબેન રાવલ, સેક્રેટરી ભૂમિબેન જોગાણી તથા મીનાક્ષીબેન જયસિંઘાણી દ્વારા "ફૂડ ફોર હંગર" પ્રોજેક્ટ અંતર્ગત સેક્ટર ૬ ની સેવા વસ્તીમાં "ન્યુટ્રીશન ખીચડી" નું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ થી વધારે લોકોએ ખીચડી સેવાનો લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા કારોબારી સભ્યો એ ભારે જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર માનવ સેવા મંડળ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે ઉવારસદ ગામે ગરીબ કુટુંબોને જીવન જરૂરી ચીજ વસ્તુઓ જેવી કે ઘઉં, મગની દાળ, ચોખા, ચણા, તેમજ નાસ્તા માટે ગાંઠિયા અને બુંદી ના લાડુ ની વહેંચણી કરવામાં આવી હતી.

જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગરની સપ્તમ પંચવર્ષીય વર્ષની ઉજવણીના ભાગરૂપે આ વર્ષની પાંચમી પદયાત્રા ગુરૂ પૂર્ણિમાની સવારે સેક્ટર ૧૩/બીના શક્તિ ચોકથી વાસન મહાદેવ સુધીની પદયાત્રાથી પૂર્ણ કરવામાં આવી હતી. આ પરિવાર દ્વારા અધિક શ્રાવણ માસમાં આવતી ૨૬ તારીખથી હરિદ્વાર મુકામે ભાગવતાચાર્ય કલ્પેશભાઈ મહેતાના વ્યાસાસને 'શ્રીમદ્ ભાગવત કથા'નું આયોજન પણ કરવામાં આવ્યું છે.

સે.૨૨માં જૈન મંદિરે ગુરુ પૂર્ણિમા પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા.૦૩

આજે ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતે જૈન સંઘના આંગણે ગચ્છાધિપતિ જેનાચાર્ય શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ગુરુ પૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે ગુરુ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજકારણના વિવિધ આગેવાનો, જુદા જુદા શહેરોમાંથી જૈન શ્રેષ્ઠીઓ તથા શ્રી સંઘના અનેક જૈન ભાઈઓ-બહેનો જોડાયા હતા અને તેમને પૂ. ગુરુદેવના આશીર્વાદ લીધા હતા.

વાવોલના રામધામ ખાતે શ્રદ્ધાપૂર્વક ગુરુપૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગરના વાવોલના સુપ્રસિદ્ધ રામધામ ખાતે ગુરુપૂર્ણિમાના પર્વ પ્રસંગે મોટી સંખ્યામાં જન્મદિનની દર્શનાર્થે ઉમટી પડી હતી. આ પ્રસંગે ભાવિકોએ મંદિરના મહંત પૂ. મધુસુદનદાસજી મહારાજનું ગુરુ પૂજન કર્યું હતું અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. પૂ. મધુસુદનદાસજી મહારાજે ભાવિકોને પ્રસાદ સ્વરૂપે કંઠી પહેરાવી આશીર્વાદ આપ્યા હતા.

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ગાંધીનગરના પ્રાચીન અને ઐતિહાસિક ધોલેશ્વર મહાદેવ મંદિરના પ.પૂ. મહંત રામસ્વરૂપપુરી સ્વામીનું ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું તેમજ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે ગુરુ પૂર્ણિમા એટલે સદગુરૂના પૂજનનું મહાપર્વ. સનાતન સંસ્કૃતિમાં ગુરુને દેવતુલ્યણ ગણવામાં આવ્યા છે, જે મનુષ્યના જીવનમાં રહેલા અંધકારને દૂર કરીને જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય છે. આ વેળાએ ગાંધીનગરના પ્રભારી નૌકાબેન પ્રજાપતિ, શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાઉન્સિલર તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે "ગુરુ વંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ શ્રી. જે.એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટ વિભાગ ખાતે યોજાયો. જેમાં સંયુક્ત શિક્ષણ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર ના ડો. એસ પી ચૌધરી સાહેબ મુખ્ય મહેમાન પદે રહ્યા. આ ઉપરાંત ચતુર્દશ અંકનો વિમોચન તેમજ ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ પણ યોજાયો. મુખ્ય મહેમાન તેમજ શાળાના આચાર્ય બેન શ્રી દ્વારા વિદ્યાર્થીનીઓ ને શુભેચ્છા પાઠવવામાં આવી.

ઝૂલેલાલ સાંઈબાબા મંદિર ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવનું ભવ્ય આયોજન

ગુરુ પૂર્ણિમાના પાવન પર્વે ઝૂલેલાલ સાંઈબાબા મંદિર ખાતે "૧૨માં ગુરુપૂર્ણિમા મહોત્સવ" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયર હિતેશભાઈ મકવાણા અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી તેમજ આરતી ઉતારીને નગરજનોની સુખ શાંતિની પ્રાર્થના કરી હતી. આ વેળાએ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, બ્રહ્મકુમારી સંસ્થાના કૈલાસદીદી, કાઉન્સિલર તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

સે ૧૨ ખાતે "એડવોકેટસ સંમેલન" યોજાયું

ગાંધીનગર, તા.૩

જન સંપર્ક અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લો/ મહાનગર દ્વારા "એડવોકેટસ સંમેલન" સેકટર-૧૨ ખાતે યોજાયું હતું. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી તેમજ પ્રદેશ લીગલ સેલના કન્વીર જે. જે. પટેલની વિશેષ ઉપસ્થિતમાં રહ્યા હતા. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી મોદી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને ૯ વર્ષની ઉપલબ્ધિઓથી સૌને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. અનિલભાઈ પટેલ, શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, જિલ્લા અધ્યક્ષ અનિલભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ,પૂર્વ ધારાસભ્ય શંભુજી ઠાકોર, હોદેદાર તેમજ મોટી સંખ્યામાં સેવાકીય વ્યવસાય સાથે સંકળાયેલ વકીલ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં "કલરવ કાવ્ય મેગા સ્પર્ધા" યોજાઈ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપ દ્વારા આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર, તા.૦૩ ગાંધીનગરમાં કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સોશિયલ મીડિયાના માધ્યમથી "કલરવ કાવ્ય મેગા સ્પર્ધા-૨૦૨૩"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્ય અને રાજ્ય બહારના તેમજ વિદેશ વસતા ૧૬૦ જેટલાં ગુજરાતી કવિઓ અને કવયિત્રીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં આવેલી કૃતિઓ પૈકી ગઝલ વિભાગમાં પ્રથમ ક્રમાંકે જૂનાગઢના કમલેશ જેઠવા "અમર", દ્વિતિય ક્રમાંકે પણ જૂનાગઢના દિલીપ ધોળકિયા "શ્યામ" અને તૃતિય ક્રમાંક પર અમદાવાદના દક્ષા દવે "રંજન" તેમજ કાવ્ય વિભાગમાં પ્રથમ ક્રમાંક પર રાજકોટના પ્રેમજીભાઈ જામલિયા "પ્રેમ", દ્વિતિય ક્રમાંક પર અમદાવાદના પ્રતિક્ષાબેન પંડ્યા અને તૃતિય ક્રમાંક પર રાજકોટના ડૉ.વિરેન્દ્ર ડોલાસિયા "નીજ"ને વિજેતા જાહેર કરવામાં આવ્યાં છે. કલરવ સાહિત્ય ગૃપ દ્વારા ટૂંક સમયમાં આયોજિત થનાર કવિ સંમેલનમાં બન્ને વિભાગમાં કુલ છ વિજેતા થયેલા તમામ વિજેતાઓને અલગ અલગ અનુક્રમે રૂ.૧૦૦૧/-, રૂ.૫૦૧/- અને રૂ.૨૫૧/- નો રોકડ પુરસ્કાર સાથે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સ્પર્ધાના ગઝલ વિભાગના નિર્ણાયક તરીકે ગાંધીનગરના સાહિત્યકાર કિશોર જિકાદરાએ અને કાવ્ય વિભાગનાં નિર્ણાયક તરીકે ગીતકાર બાબુભાઈ નાયક અડાલજવાળાએ સેવાઓ આપી હતી. સંસ્થા દ્વારા સ્પર્ધામાંભાગ લેનાર તમામનો અને નિર્ણાયકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.